આ ગૈસો ઉત્પન્ન થતાની સાથે ઓક્સીજન સાથે ભળી જઈ આપણા શરીરમાં પ્રવેશ કરે છે. જેની સીધી અસર હિમોગ્લોબીન, અક્તકણીકાઓ પર થાય છે. આથી જ શારીરીક તંદુરસ્તી ને ધ્યાનમાં રાખી વાસ્તુશાસ્ત્રમાં અગ્નિતત્વનું સ્થાન નક્કી કરવામાં આવ્યું છે. જેથી ‘કાર્બન મોનોક્સાઈડ’થી થતી શારીરીક ગંભીર બિમારીઓનો સામનોના કરવો પડે આમ સ્થાપત્ય કળા, એન્જીનીયર કે આર્કિટેક્ચર એક મકાન બનાવી શકે છે. તેમાં રહેનાર કુટુંબ તેને ઘરબનાવે છે પરતુ આ ઘરનું વાસ્તુના નિયમો પર આધારીત હોવું ઘરને સર્વગુણ સંપન્ન બનાવે છે. માણસ તેના જીવનકાળ દરમ્યાન સંઘર્ષોમાંથી પસાર થતો રહે છે. પરંતુ આ તમામ સંઘર્ષોની વચ્ચે પણ જીવનની ઘટમાળા સુખરૂપ પસાર થાય તે માટે વાસ્તુશાસ્ત્ર સિવાય બીજો કોઈપણ સરળ વિકલ્પ નથી. કોઈપણ બાંધકામમાં વાસ્તુશાસ્ત્રનો અમલ કરવાથી સ્વાસ્થ્ય અને સમૃધ્ધી એટલે કે શૌર્ય અને ચુંબકીય પ્રવાહ ભરપુર માત્રામાં બાંધકામમાં મળે એટલે તે વાસ્તુશાસ્ત્રના નિયમઓ અને પંચમહાભુતો પર આધારીત છે. તેમ કહેવાય તાજ મહલ, કુતુબમિનાર, ઈજિપ્તના પિરામીડો સર્વેજગતના બેનમુન સ્થાપત્યો છે. આ આર્કીટેક્ચર અને વાસ્તુકલા અદ્‌ભુત સૌમ્ય છે. પર્યાવરણ ઈશ્વર સર્જિત છે અતિ સુંદર ભવન માનવ સર્જિત છે. દરેક વ્યક્તિનો જન્મ તેનો કર્મ અને ભાગ્ય મુજબ જ થાય છે. પરંતુ તેનો ભાગ્યોદય યોગ્ય. દિશામાં પુરુષાર્થ કરવાથી થાય છે. તેથી જ વાસ્તુમાં કહેવાય છે. ‘‘દિશાઓ જ ફક્ત દશાઓ બદલી શકે છે’’ એટલે કે મનુષ્ય, પ્રકૃતિ અને વનસ્પતી માત્ર માટે સ્વસ્થ જીવન, સ્વસ્થ પ્રકૃતિ, સ્વસ્થ ભવન અને સ્વસ્થ મન એટલે વાસ્તુશાસ્ત્ર, ટૂંકમાં માનવજીવનની સુખ, શાંતી, સમૃધ્ધી, તંદુરસ્તી અને પ્રગતીની ચાવી એટલે વાસ્તુશાસ્ત્ર.